# ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળ

'ભાડા ભવન', વાણિજ્ય સંકુલ-બી, રાવલવાડી રીલોકેશન સાઈટ, એરપોર્ટ રીંગ રોડ, ભુજ-કચ્છ ૩૭૦ ૦૦૧

ફોન નં.:(૦૨૮૩૨) ૨૨૧૭૩૪, ફેક્સ: ૨૨૩૮૯૯ ઈ-મેઇલ : bhujadabhuj@gmail.com, pro-bhada-bhuj@gujarat.gov.in

ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળ

'ભાડા ભવન', વાણિજ્ય સંકુલ-બી, રાવલવાડી રીલોકેશન સાઈટ, એરપોર્ટ રીંગરોડ,ભુજ-કચ્છ ૩૭૦૦૦૧ ફોન નં.:૨૨૧૭૩૪

ઈ-મેઇલ : bhujadabhuj@gmail.com, pro-bhada-bhuj@gujarat.gov.in

## -:જાહેર નોટીસ: -

મુસદ્દારૂપ નગર રચના યોજના ભુજ નંબર-૪ (પ્રથમ ફેરફાર)ના ઈરાદાનું અધિસુચન તા. ૧૭-૦૩-૨૦૨૩ના રોજ અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરેલ છે. મુસદ્દારૂપ નગર રચના યોજનાનો વિસ્તાર દર્શાવતો નકશો જાહેર જનતા તથા હીત સબંધ ધરાવતી વ્યક્તિઓ માટે ઉપરોક્ત સરનામે આવેલ કચેરી ખાતે કચેરી સમય દરમ્યાન જોવા માટે ખુલ્લો રાખેલ છે. સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજનાના ઉક્ત નકશામાં દર્શાવેલ વિસ્તારમાં સમાવિષ્ટ આખરી નગર રચના યોજના નં.૪ ભુજના અંતિમખંડોની યાદી નીચે મુજબ છે. :

અંતિમખંડ: ૧૩૬૪, ૧૩૪૩, ૧૩૪૨, ૧૩૪૧/૩, ૧૩૪૧/૧, ૧૩૩૫, ૧૩૩૪, ૧૩૩૩, ૧૩૩૨, ૧૩૩૧, ૧૧૭૫ (SFR), ૧૨૮૮ (MARKET), ૧૨૯૮,૧૨૯૩, ૧૨૪૨, ૫૪૧

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૨ અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો,૧૯૭૯ના નિયમ ૧૭ હેઠળ આ મુસદ્દારૂપ નગર રચના યોજનાની કામચલાઉ દરખાસ્તોની યોજનાથી અસર પામતા જમીન માલિકો અને હિત ધરાવનારાઓને સમજૂતી આપવા સારું નીચે જણાવેલ સ્થળ, સમય, તારીખે બેઠક રાખવામાં આવેલ છે.

સ્થળ : 'ભાડા ભવન', વાણિજ્ય સંકુલ-બી, રાવલવાડી રીલોકેશન સાઈટ, એરપોર્ટ રીંગ રોડ, ભુજ-કચ્છ ૩૭૦ ૦૦૧

સમય : ૧૨:૩૦ તારીખ : ૩૧/૦૩/૨૦૨૩

આ યોજનાથી જેઓના હિતો અસર પામનાર છે તેઓએ ઉક્ત મુજબની બેઠકમાં અધિકૃત ઓળખપત્ર, સંબંધિત પ્લોટના માલિકીના આધારો જેવા કે તાજેતરના પ્રોપર્ટી કાર્ડ, દસ્તાવેજની ખરી નકલ તથા મોબાઈલ નંબર, ઈ-મેઈલ નંબર, પત્રવ્યવહારનું સરનામું વેગેરે રજૂ રાખવા સારું તે સહીત સમયસર હાજર રહેવા આથી જાહેર નોટિસ પાઠવામાં આવે છે.

સદર બેઠકમાં જો આપ હાજર રહી શકો તેમ ન હો તો અધિકૃત પ્રતિનિધિ હાજર રહી શકશે. અધિકૃત પ્રતિનિધિ દ્વારા આ કામે ઉક્ત મુજબની વિગતો ઉપરાંત અધિકૃત પ્રતિનિધિ તરીકે હાજર રહેવા સારૂની લેખિત સમંતિ અને અધિકૃત ઓળખપત્રની નકલ રજૂ રાખવાની રહશે. બેઠકમાં હાજર રહેવા સબબ મુખ્ય કારોબારી અધિકારીનો નિર્ણય અંતિમ રહેશે.

(અતિરાગ ચપલોત IAS)
મુખ્ય કારોબારી અધિકારી
ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળ
ભુજ-કચ્છ

ભુજ વિસ્તાર વિકાસ સત્તા મંડળ • ભુજ • કચ્છ